34

64

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
### ગાંધીનગર

નંબર- મુ.ઇ (યાં)/૧૦૯૨/ડિસ્પોઝલ/ડી-૧૧/૩૩૭/૨૯-૨-૯૨ :

**પ રિ પ ત્ર :-**

વિષય :- **બોર્ડની બિન મરામતપાત્ર સાધન સામગ્રીનાં નિકાલ માટે પુનઃ સત્તા આપવા અંગે..**

વંચાણે લીધુંઃ બોર્ડનાં ઠરાવ ક્રમાંકઃ બીએમ/૧૨૩/૨૫ :

*****

અગાઉ બોર્ડનાં તા.૧૨-૧૦-૯૦ નાં પરિપત્રથી ક્ષેત્રિય અધિકારીઓને રદબાતલ થયેલ બિન મરામતપાત્ર સાધન સામગ્રીનાં નિકાલ માટે વડી કચેરીની પૂર્વ મંજુરી લેવાની રહેતી હતી. તે હવે રદ કરી બોર્ડની નિયામક મંડળની તા.૩૧-૧-૯૨ નાં રોજ મળેલ બેઠકમાં ઠરાવ્યા મુજબ-- રદબાતલ થયેલ બોર્ડની બિન મરામતપાત્ર સાધન સામગ્રીનાં નિકાલ માટે અગાઉ બોર્ડનાં ઠરાવ નં.મુ.ઇ (યાં)/૧૦૮૮/મશીનરી/સી-૭/૭૬૮૧/તા.૨૦-૧૨-૮૮ ( નકલ સામેલ છે. ) માં જણાવેલ સરકારશ્રીમાં પ્રવર્તતી પદ્ધતિ મુજબ ક્ષેત્રિય અધિકારીઓને જે સત્તા આપવામાં આવી હતી તે પ્રમાણે હવે પછીથી નિકાલ માટેની કાર્યવાહી કરવાની રહેશે.

આ પરિપત્રનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે તેમજ નિકાલ થયા બાદ બોર્ડ કચેરીને વિગતવાર જાણ કરવાની રહેશે.

બિડાણઃ- ઉપર મુજબ :

( બી.એમ.ચેતવાની )
મુખ્ય ઇજનેર (યાં)

નકલ સાદર રવાના પ્રતિઃ-

૧ઃ **ચેરમેનશ્રી,** બોર્ડ કચેરી-ગાંધીનગર
૨ઃ **સભ્ય સચિવશ્રી,** બોર્ડ કચેરી-ગાંધીનગર.

નકલ શુભેચ્છા સહ રવાના પ્રતિઃ-

૧ઃ **મુખ્ય ઇજનેરશ્રી,** ઝોન-૧, વડોદરા/ઝોન-૨, અમદાવાદ/ઝોન-૩,રાજકોટ/વર્લ્ડબેંક
૨ઃ **નાણાં નિયંત્રકશ્રી,** બોર્ડ કચેરી-ગાંધીનગર.

નકલ રવાના પ્રતિઃ-

૧ઃ **અધિક્ષક ઇજનેરશ્રી,** યાંત્રિક/સિવીલ સર્વે..
૨ઃ **કાર્યપાલક ઇજનેરશ્રી,** યાંત્રિક/સિવીલ સર્વે..